# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વાતચીત કરશે

2) રશિયાના રાષ્ટ્રપતિ પુતીને કહ્યું કે ભારત- રશીયા સહયોગ કોઇ પણ દેશ વિરૂધ્ધ નથી પણ બંને દેશોનું રાષ્ટ્રીય હિત જાળવવાનો.

3) આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ભંડોળ એકત્રિત કરવા માટેનું પાનમસાલા ઉપર સેસ લાદતુ બીલ લોકસભામાં રજૂ.

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમના ગુજરાત ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

5) જેલમાં કેદ પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી ઇમરાનખાન દ્વારા ઇસ્લામાબાદ હાઇકોર્ટમાં સારવારની મંજૂરી માટે અરજી કરી.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM –PUTIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વાતચીત કરશે. બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. વાટાઘાટો બાદ વેપાર, અર્થતંત્ર, આરોગ્યસંભાળ, શિક્ષણ, સંસ્કૃતિ અને મીડિયા સંબંધિત ક્ષેત્રો સહિત અનેક કરારો પર હસ્તાક્ષર કરાશે.

રાષ્ટ્રપતિ પુતિન 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે ભારતની રાજ્ય મુલાકાતે ગઈકાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા. એરપોર્ટ પર પ્રધાનમંત્રી મોદી દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજે સવારે રાષ્ટ્રપતિ ભવન ખાતે રશિયન રાષ્ટ્રપતિનું ઔપચારિક સ્વાગત કરવામાં આવશે. મુલાકાતી મહાનુભાવ રાજઘાટ પર પુષ્પાંજલિ અર્પણ કરીને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપશે.

સાંજે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રશિયન રાષ્ટ્રપતિનું સ્વાગત કરશે અને તેમના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કરશે. અમારા સંવાદદાતા જણાવે છે કે, ભારત અને રશિયા તેમની વ્યૂહાત્મક ભાગીદારીની ઘોષણાની 25મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે.

(બાઇટ: BHUPENDRA)

# PUTIN INTERVIEW

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને જણાવ્યું કે, ભારત-રશિયા સહયોગ કોઈપણ દેશ વિરુદ્ધ નથી. તેનો એકમાત્ર હેતુ બંને દેશોના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવાનો છે.

રશિયા સાથે ભારતના ઉર્જા સંબંધો અંગે, શ્રી પુતિને કહ્યું કે કેટલાક દેશો રશિયા સાથેના ગાઢ સંબંધોને કારણે આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતની વધતી ભૂમિકાને નાપસંદ કરે છે અને રાજકીય કારણોસર અવરોધો ઉભા કરીને ભારતના પ્રભાવને ઓછો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પશ્ચિમી દેશો દ્વારા રશિયા પર લાદવામાં આવેલા પ્રતિબંધો અંગે, શ્રી પુતિને કહ્યું કે તેમનો ભારત સાથે રશિયાના ઉર્જા સહયોગ પર બહુ પ્રભાવ પડ્યો નથી. શ્રી પુતિને તેમની બે દિવસીય ભારત મુલાકાત પહેલા એક ટીવી ચેનલ સાથેની મુલાકાતમાં આ નિવેદન આપ્યું હતું.

# LS

લોકસભામાં ગઇકાલે આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર બિલ, 2025 રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલનો હેતુ પાન મસાલાના ઉત્પાદન પર સેસ લાદીને આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ભંડોળ એકત્ર કરવાનો છે.

બિલ રજૂ કરતા, નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે આ બિલનો હેતુ આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા માટે સંસાધનો એકત્રિત કરવાનો છે. તેમણે જણાવ્યું હતું કે આ સેસ કોઈપણ આવશ્યક ચીજવસ્તુઓ પર નહીં, પરંતુ ગંભીર આરોગ્ય જોખમ ઊભું કરતી હાનિકારક ચીજવસ્તુઓ પર લાદવામાં આવશે.

**સીતારમણે જણાવ્યું હતું કે આ બિલનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે સામાન્ય નાગરિકો પર બોજ નાખ્યા વિના મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને ભંડોળ પૂરું પાડવામાં આવે.**

**નાણામંત્રીએ જણાવ્યું હતું કે આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર બિલમાંથી ઉત્પન્ન થતી આવક ચોક્કસ આરોગ્ય યોજનાઓ માટે રાજ્યો સાથે શેર કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે 40 ટકા GST ઉપરાંત, પાન મસાલા એકમો પર આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર પણ લાદવામાં આવશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# AMIT SHAH GUJRAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે છે. શ્રી શાહ અમદાવાદ, ગાંધીનગર, વાવ થરાદ અને બનાસકાંઠામાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે.

સાંભળીએ એક અહેવાલ........

(V/C અપર્ણા ખૂંટ)

# NIA ARREST

રાષ્ટ્રીય તપાસ એજન્સી -NIA  એ ગેરકાયદેસર હથિયારો અને દારૂગોળાની દાણચોરીના કેસમાં ચાર લોકોની ધરપકડ કરી છે. NIA ની બાવીસ ટીમોએ ત્રણ રાજ્યોમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં બિહારના નાલંદા, શેખપુરા અને પટણા જિલ્લાના સાત સ્થળો, ઉત્તર પ્રદેશના ઔરૈયા જિલ્લામાં 13 સ્થળો અને હરિયાણાના કુરુક્ષેત્ર જિલ્લામાં બે સ્થળોનો સમાવેશ થાય છે.

દરોડા દરમિયાન, ટીમોએ મોટા જથ્થામાં હથિયારો અને દારૂગોળો, 1 કરોડથી વધુની રોકડ, ગુનાહિત ડેટા ધરાવતા અસંખ્ય ડિજિટલ અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો અને નકલી અને શંકાસ્પદ ઓળખ કાર્ડ સહિત ગુનાહિત દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

દરોડા બાદ, NIA ટીમે પટણાથી શશી પ્રકાશ, શેખપુરાથી રવિ રંજન સિંહ અને કુરુક્ષેત્રથી વિજય કાલરા અને કુશ કાલરાને ગેરકાયદેસર દારૂગોળાની દાણચોરી અને વેચાણમાં સામેલ એક મુખ્ય સિન્ડિકેટમાં સક્રિય સંડોવણી બદલ ધરપકડ કરી હતી. NIA એ જણાવ્યું હતું કે દારૂગોળો હરિયાણાથી ઉત્તર પ્રદેશમાં

દાણચોરી કરવામાં આવી રહ્યો હતો અને પછી બિહાર અને દેશના અન્ય ભાગોમાં લઈ જવામાં આવી રહ્યો હતો.

# IMRAAN KHAN PAK COURT

પાકિસ્તાનના જેલમાં બંધ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાને ઇસ્લામાબાદ હાઇકોર્ટમાં એક અરજી દાખલ કરી છે, જેમાં ત્રણ દિવસમાં તબીબી તપાસ અને પરીક્ષણો કરાવવાની પરવાનગી માંગવામાં આવી છે. પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ (પીટીઆઈ) પાર્ટીના વડા હાલમાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ છે.

સાંભળીએ અમારા સંવાદદાતા શક્તિસિંઘનો એક અહેવાલ,

(બાઇટ: SHAKTI)

# PAK CDF

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ (CDF) ના નવા પદ માટે અસીમ મુનીરને મંજૂરી આપી છે, મુનીર આર્મીના વડા પણ છે, મુનીરને પાંચ વર્ષ માટે ત્રણેય સેવાઓ પર કમાન્ડ આપતું આ પગલું એ વાતની સ્પષ્ટ પુષ્ટિ કરે છે કે સેનાએ ફરી એકવાર રાજકીય નેતૃત્વને પાછળ છોડી દીધું છે, અસરકારક રીતે નાગરિક સરકારને ગૌણ બનાવી દીધી છે.

# SL-OPERATION SAGAR BANDHU

શ્રીલંકામાં આવેલી કુદરતી આપત્તિમાં 486 લોકોના મોત અને 341 લોકો ગુમ થયા છે. 51 હજારથી વધુ પરિવારોના એક લાખ 71 હજારથી વધુ લોકો વિસ્થાપિત છે અને દેશભરમાં એક હજાર 231 રાહત કેન્દ્રોમાં આશ્રય પામે છે.

સતત મુશ્કેલીઓ વચ્ચે, ભારતના ઓપરેશન સાગર બંધુને વિસ્તારવામાં આવ્યું છે. ફસાયેલા પીડિતોને એરલિફ્ટ કરીને, તબીબી સહાય પૂરી પાડીને મદદ કરવાના ભારતના પ્રયાસો ચાલી રહ્યા છે.

ચક્રવાત દિત્વાને કારણે શ્રીલંકા દાયકાઓમાં સૌથી ખરાબ વિનાશનો સામનો કરી રહ્યું છે, ત્યારે ભારત દ્વારા શરૂ કરાયેલા ઓપરેશન સાગર બંધુને કારણે ફસાયેલા શ્રીલંકાના નાગરિકોને નવજીવન મળી રહ્યું છે. આ અભિયાન હેઠળ IAF હેલિકોપ્ટર ફસાયેલા લોકોને સલામત સ્થળે પહોંચાડવાનું કાર્ય કરી રહ્યું છે, જ્યારે એન્જિનિયરિંગ ટીમો ઝડપથી તૈનાત કરી શકાય તેવા બેઇલી બ્રિજનો ઉપયોગ કરીને મહત્વપૂર્ણ લિંક્સ ફરીથી બનાવવા માટે દોડધામ કરી રહી છે.

અત્યાર સુધીમાં ભારતે ત્રણ ઝડપથી તૈનાત કરી શકાય તેવા પુલ મોકલ્યા છે જે નાશ પામેલા પુલોને કારણે કનેક્ટિવિટી સ્થાપિત કરવામાં મદદ કરશે. આરોગ્ય સેવા પણ બહાલ કરવાના પ્રયાસ આદરવામાં આવ્યાં છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં વિવધ સમાચારો વાંચવા મળી રહ્યા છે.
- કોમનવેલ્થ ગેમ્સના આયોજનને પગલે અમદાવાદના પ્રોપર્ટી બજારમાં તેજી ના સમાચાર દિવ્ય ભાસ્કરે છાપ્યા છે.
- સંદેશ લખે છે કે, ચૂંટણીપંચને વધુ સ્ટાફ ફાળવી **BLO**નું ભારણ ઘટાડવા રાજ્યોને સુપ્રીમ કોર્ટનો આદેશ.
- ગુજરાત સમાચાર લખે છે કે, પુતીન ભારત પધાર્યા : રેડ કાર્પેટ સ્વાગત.
- પરમમિત્ર પુતીન પધાર્યા ના સમાચાર ફૂલછાબે પહેલા પાને છાપ્યા છે.
- નવગુજરાત સમયે, પુતીન દિલ્હીમાં, મોદીએ પ્રોટોકોલ પડતાં મૂકી દિલથી સ્વાગત કર્યું ના સમાચાર પહેલા પાને છાપ્યા છે.